### તેરવાડાના જામીન ઉપર છૂટેલા ઇસમનું અચાનક મોત

# બે વેપારીએ માર મારતા મોત નિપજ્યાનો પરિવારજનોને શક

કાંકરેજ તાલુકાના તેરવાડાના ઈસમને દારૂના ગુનામાં પરિવારજનો જામીન ઉપર છોડાવી ઘરે લઈ જતા હતા પરંતુ રસ્તામાં અચાનક તેનું મોત થઈ જતા પરિવારજનોએ બે વેપારીએ માર મારતા મોત નીપજ્યું હોવાનો આક્ષેપ કરી થરા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

ટ્રક ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા તેરવાડાના દીનેશજી મેવાજી ઠાકોર (ઉ. વ. ૪૨) ને ગતરોજ ગામના દશરથભાઈ ઠક્કર અને તેમના ભાઈ શાંતિભાઈ ઠક્કરની પશુ આહરની દુકાને ટ્રક રસ્તામાં ઉભી રાખવા મામલે ઝગડો થયો હતો. પરંતુ તે નશાની હાલતમાં હોઈ જમાદાર પરશુભાઈ તેને પકડીને થરા પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલ. જેની જાણ થતાં તેમના ભાઈ ચંદુજી ઠાકોર પોલીસ સ્ટેશન ગયેલા.

જ્યાં જમાદારે તેમને પીધેલાનો કેશ કરેલ છે અને દશરથભાઈ ઠક્કરે ફરિયાદ કરેલ હોવાનું જણાવેલ. દરમ્યાન બીજા દિવસે સવારે જમાદારે ફોન કરીને પુરાવા સાથે બોલાવ્યા હતા. તેથી તેઓ તેમના નાના ભાઈ દશરથજી સાથે પીકઅપ ડાલું લઈને પોલીસ સ્ટેશન ગયેલા જ્યાં દીનેશજીએ પેટમાં દુખતું હોવાનું જણાવતા જમાદારે સારવાર કરાવી હોવાનું કહ્યું હતું. બાદમાં તેને જમીન ઉપર છોડાવી પરત ઘરે જતા હતા.ત્યારે આનંદપુરા પાટિયા નજીક અચાનક દીનેશજીને ખેંચ જેવું થતા ગરદન ઝુકાવી દીધેલ તેથી ડાલું ઉભું રાખી તપાસ કરતા તેના શ્વાસ બંધ થઈ જતા શરીર ઠંડુ પડી ગયેલ અને મોઢામાંથી ફીણ નીકળવા લાગેલ. જેથી મૃત હાલતમાં તેને ઘરે લઈ ગયેલ. જેની જાણ થતાં કુટુંબીજનો ઉમટી પડેલ.જેમની સાથે ચર્ચા બાદ ચંદુજી ઠાકોરે અન્યો સાથે પોલીસ મથકે જઈ બે વેપારીઓ સાથે થયેલ ઝઘડામાં બન્નેએ માર મારેલ જેમાં આંતરિક ઈજાના કારણે મોત થયેલ હોવાનો શક વ્યક્ત કરી ફરિયાદ નોંધાવેલ અને મોતનું સાચું કારણ જાણવા તટસ્થ તપાસની માંગ કરી હતી.

# ખેડૂતો માટે એક સાંધે ત્યાં તેર તૂટે જેવો ઘાટ

### મેઢાસણ અને મોડાસાના વેપારીએ મગફળીનું નકલી બિયારણ પધરાવતા અસંખ્ય ખેડૂતો મુશ્કેલીમાં

મોડાસા, તા. ૧૩

કેન્દ્ર સરકાર ખેડૂતોને પાકના બમણા ભાવ મળશેના વાયદા તો બૂમરેંગ સાબિત થઈ રહ્યા છે ત્યારે નકલી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓનું ડુપ્લીકેટ લેખિત રજુઆત કરી બંને વિક્રેતાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી ખેડૂતો નકલી બિયારણનો ભોગ બનતા ખેડૂતોની હાલત કફોડી બની છે. દુકાનમાથી મગફળીનું બિયારણ હોમડિલિવરી આપવામાં આવી હતી. નકલી બિયારણનો ભોગ બનેલ ખેડૂતોએ ફરીથી મજૂરી ખર્ચ કરી મગફળીનું વાવેતર કર્યું હતું. ૭૦ દિવસ સતત સારા પાકની



અટકાવવામાં પણ સરકાર ઉણી ઉતરતાં ખેડૂતો છાસવારે ભોગ બની રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં ખેતીવાડી વિભાગના છુપા આશીર્વાદના પગલે જીલ્લામાં ઠેર ઠેર નકલી બિયારણ સહીત ખેતીની ચીજવસ્તુઓ વેચાણ કરતા વેપારીઓ બિન્દાસ્ત બન્યા છે. ખેડૂતો રજુઆત કરવા પહોંચે તો વેપારીઓ ઉઠા ભણાવી રહ્યા હોવાની બૂમો સતત ઉઠી રહી છે. ચોઈલાના ૫ ખેડૂતો નકલી બિયારણનો ભોગ બન્યા બાદ મોડાસા તાલુકાના મેઢાસણ પંથકના અસંખ્ય ખેડૂતોને મેઢાસણ અને મોડાસાના બિયારણના વિક્રેતાએ મગફળીનું બે બે વાર નકલી બિયારણ પધરાવ્યું હોવાના આક્ષેપ સાથે ખેડૂતે ખેતીવાડી અધિકારીને

ખરાબ ગુણવત્તાહીન બિયારણને ખેડૂત મોંઘા ભાવે ખરીદે છે, પરંતુ પાકની પેદાવાર નથી થતી. જેના કારણે ખેડૂતની મહેનત અને પૈસા બંને વેસ્ટ થાય છે, સાથે દેવામાં ડુબી જાય છે. મેઢાસણના યુવાન ખેડૂત ઈશ્વર પ્રજાપતિએ ખેતીવાડી અધિકારીને લેખિત રજુઆત કરી જણાવ્યું છે કે ચોમાસાની સીઝનમાં મગફળીની ખેતી માટે તેમને અને અન્ય ખેડૂતોએ મેઢાસણ ચોકડી પર શિવશક્તિ બિયારણની દુકાનમાંથી જૂનાગઢની અનંત કંપનીનું ૨૫૦૦ રૂ. પ્રતી મણ મોંઘાભાવનું બિયારણ ખરીદી કરી વાવણી કરી હતી ૧૫ દિવસ સુધી મગફળીનો છોડ જ બહાર ન આવતા વિક્રેતાને જાણ કરતા તેને મોડાસાની શિવશક્તી બિયારણની આશાએ કાળી મજૂરી પછી મગફળી પર ફાલ ન ઉતરતા ખેડૂતો છેતરાયા હોવાનો અહેસાસ થતા ખેડૂતો બિયારણ વિક્રેતાને રજુઆત કરતા વાતાવરણનું બહાનું બનાવી ગલ્લાંતલ્લાં કરતા ખેડૂતોએ વીઘે કરેલ ૧૩ થી ૧૫ હજાર જેટલો ખર્ચ માથે પડતા ખેડૂતો દેવાના ખપ્પરમાં હોમાયા છે અને બંને વિક્રેતાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ખેડૂતોને વળતર આપવામાં આવેની માંગ કરી હતી.

મેઢાસણ અને મોડાસાના આ બંને વેપારીઓ દ્વારા મગફળીના બિયારણ ગામડે ગામડે ઉચ્ચ ગુણવત્તાયુક્ત મગફળીનો ઉતારો આવશે કહી અસંખ્ય ખેડૂતોને પધરાવતા ખેડૂતોએ રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે.

### મેઘરજ જૂની વખારની ખુલ્લી જગ્યામાં શકુનિઓ

# હાર-જીતની બાજી લગાવી બેઠા હતા, પોલીસે ત્રાટકી બાજી ઉંધી પાડી

મેઘરજ, તા. ૧૩

મેઘરજ નગરમાં વરલી-મટકા અને જુગાર અને દારૂના ખપ્પરમાં અનેક પરિવારો બરબાદ



થઈ ગયા. મેઘરજમાં જુગારીઓ જગ્યા મળે ત્યાં હારજીતની બાજી માંડી જુગાર રમતા શકુનિઓ અનેકવાર પોલીસના હાથે ઝડપાઈ ચુક્યા છે. મેઘરજ પોલીસને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મેઘરજ જુના બજારમાં આવેલ વખારની ખુલ્લી જગ્યામાં જુગાર રમતો હોવાની બાતમી મળતા તાબડતોડ વખાર વિસ્તારને કોર્ડન કરી પોલીસે રેડ કરતા જુગારીઓમાં ભારે નાસભાગ મચી હતી. પોલીસે ૭ જુગારીઓને ૩૦ હાજરથી વધુનું રોકડ રકમ સાથે દબોચી લીધા હતા. ૩ જુગારીઓ પોલીસને થાપ આપી નાસી છૂટ્યા હતા. મેઘરજ પોલીસે જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર ત્રણે જુગારીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મેઘરજ પીએસઆઈ એન.એમ. સોલંકીએ ચાર્જ સાંભળતાની સાથે મેઘરજ પંથકમાં અસામાજીક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ લોકો સામે લાલ આંખ કરતા અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. સોમવારે રાત્રીએ પીએસઆઈ એન.એમ. સોલંકીને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મેઘરજ જુના બજારમાં વખારની ખુલ્લી જગ્યાએ જુગાર રમાતો હોવાની બાતમી મળતા જુના બજારમાં આવેલી વખારની ખુલ્લી જગ્યામાં રેડ કરી જુગારની હારજીતની બાજી લગાવી બેઠેલા ઈકબાલ અહેમદભાઈ મેઘરજીયા, મુસ્તુફા ગુલામહુસેન ભાયલા, ભીખા ઉર્ફે બેરો અબ્દુલભાઈ બાકરોલીયા, સલ્લાઉદીન ઉર્ફે ટાર્ઝન ઈશાકભાઈ બાકરોલીયા, ઈકબાલ ઉર્ફે ટીનો મહંમદભાઈ ચડી, મુસ્તુફા ઉર્ફે મસ્તાન ગુલામભાઈ પટેલ, ફિરોઝ ઉર્ફે મુર્ગી દાઉદભાઈ કુશકીવાલા (તમામ રહે, મેઘરજ)ને ઝડપી પાડી રોકડ રૂપિયા.૩૦૨૯૦ તથા મોબાઈલ નંગ-૪ મળી કુલ રૂ. ૫૨૨૯૦ જપ્ત કરી પોલીસ રેડ જોઈ ફરાર થઈ જનાર મુસ્તુફા ઉર્ફે બીલ્લી યુનિસભાઈ મેઘરજીયા, સલાઉદિન ઉર્ફે ડેલો ગુલામહુસેન બાકરોલીયા અને મુસ્તુફા ઉર્ફે ઓતો ઈસ્માઈલભાઈ ડાયા (તમામ રહે. મેઘરજ) વિરુદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી ત્રણે જુગારીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ગુજરાતના આ ગામની હાલત દયનીય, તમામ પાયાની સુવિધાઓ માટે લોકો મારે છે વલખાં

### ગ્રામજનોએ સ્વખર્ચે બોટ વસાવી જીવન જીવવા સંઘર્ષ



આધુનિક ટેકનોલોજી અને વિકાસની વાતો કરતા ગુજરાત રાજ્યમાં આઝાદીના સાત દાયકા બાદ પણ એક એવું ગામ છે કે જ્યાં હજુ સુધી કોઈ પ્રાથમિક સુવિધાઓ પહોંચી નથી. ગતિશીલ ગુજરાત અને વાઈબ્રન્ટ ગુજરાતની વાતો વચ્ચે અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આઝાદી પહેલાની સ્થિતિ પ્રવર્તી રહી છે. ભિલોડા તાલુકાના જુના થોરવાસ ગામ નદીઓ અને ડુંગરની વચ્ચે ઘેરાયેલું હોવાથી સુવિધાઓથી વંચિત છે, ચોમાસાની ઋતુમાં તો ગામમાં રહેતા ૩૭૦ લોકો કોરન્ટાઈન રહેતા હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે. ગ્રામજનો જીવનજરૂરિયાત કામકાજ માટે સ્વખર્ચે વસાવેલ બોટના સહારે જીવનનિર્વાહ કરી રહ્યા છે.

પશુપાલનના વ્યવસાય સાથે ગામના ૭૫ પરિવાર રોજીરોટી મેળવી રહ્યા છે દૂધ ભરાવવા સવાર-સાંજ નારસોલી ગામની દૂધની ડેરીમા દૂધ ભરાવવા બોટનો ઉપયોગ કરી રહ્યા છે ગામના બાળકો પરિવારથી દૂર સગા-સંબંધીના ઘરે રહી અભ્યાસ કરી રહ્યા છે.

હાથમતી જળાશય નજીક આવેલા જુના થોરવાસ ગામ આવેલું છે જેમાં ૭૫ પરિવારો મળી ૩૫૦ની આસપાસ વસ્તી છે જ્યાં હજુ સુધી કોઈ સુવિધાઓ પહોંચી નથી. જુના થોરવાસ ગામની



એકતરફ નદી આવેલી છે. તો બીજી તરફ અરવલ્લીની ગિરિમાળાઓના ડુંગર હોવાથી વિકાસથી વંચીત છે. આ ગામમાં રહેતા પરિવારો આઝાદીના સાત દાયકા બાદ પણ દસમી સદી જેવું જીવન જીવવા મજબુર બનેલા છે. ગામમાં શાળા પણ ન હોવાથી બાળકોને અન્ય જગ્યાએ અભ્યાસ અર્થે મૂકવા પડે છે જેથી બાળકો અભ્યાસથી પણ વંચિત રહે છે.

નદી અને ડુંગર વચ્ચે ઘેરાયેલા જુના થોરવાસના પરિવારો બજારમાં ખરીદી કરવા જવું હોય કે પછી દુધ મંડળીમાં દુધ ભરવા કે અન્ય કોઈ કામ માટે નજીકના નરસોલી ગામ સાથે સંપર્ક કરવો હોય તો તેઓને નાવમાં બેસી નદી પાર કરી કાદવ કીચડ ખુંદયા બાદ સંપર્ક કરી શકે છે. તેમજ ગામમાં આરોગ્ય સુવિધાના નામે મીંડુ છે. ત્યારે જો કોઈ બીમાર પડે તો અથવા પ્રસૂતિ માટે મહિલાને હોસ્પિટલમાં લઈ જવાની હોય તોપણ નાવમાં બેસાડી નદીપાર કરાયા બાદ ભારે હાલાકી અનુભવ્યા બાદ હોસ્પિટલ સુધી પહોંચી શકાય છે.

૩૫૦ની જનસંખ્યા ધરાવતા આ ગામમાં આઝાદી બાદ આજદિન સુધી કોઈ સુવિધાઓ ઉભી કરવામાં આવી નથી અને જેને લઈને ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. તેમજ આ ગામમાં કોઈ નેતા કે કાર્યકરો ડોકીયું કરવા પણ આવતા નથી. જેના કારણે આ ગામ સુવિધાથી વંચીત રહ્યું છે. અને જેને લઈને સ્થાનિક લોકોમાં તંત્ર વિરુદ્ધ આક્રોશ જોવા મળી રહ્યો છે.

# પાલનપુર ખેમાણા ટોલ નાકેથી ૧૭ કિલો ચરસ પકડાયું

### એટીએસ અને એસઓજી પોલીસનું સંયુક્ત સફળ ઓપરેશન

ડીસા, તા. ૧૩

કોરોના મહામારી વચ્ચે પાલનપુર એસઓજી અને ગુજરાત એટીએસે સંયુક્ત ઓપરેશન કરી કરોડો રૂપિયાનું ચરસ ઝડપી પાડ્યુ છે. ચોક્કસ બાતમી આધારે વોચ ગોઠવી પાલનપુરના ખેમાણા ટોલનાકા પાસેથી અંદાજે ૧૭ કીલો ચરસ ઝડપી પાડતાં ખળભળાટ મચી ગયો છે. છ્જી અને બનાસકાંઠા જીંર પોલીસે રાજસ્થાન તરથી આવતી વેગનઆર કારમાંથી ચરસ ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુર નજીકના ખેમાણા ટોલનાકા પાસેથી કરોડોની કિંમતનું ચરસ ઝડપાયુ છે. ગુજરાત છ્જી અને બનાસકાંઠા જીંએ સંયુક્ત ઓપરેશન કરી ચોક્કસ બાતમી આધારે વોચ ગોઠવી હતી. જેમાં મંગળવારે સવારે અંદાજીત ૧૭ કિલો ચરસ લઈ રાજસ્થાન તરફથી વેગનાર કાર ગુજરાત આવી રહી હતી. આ દરમ્યાન તેને રોકાવી તલાશી લઈ ચરસનો જથ્થો જપ્ત કર્યો હતો. કરોડો રૂપિયાનું ચરસ ઝડપાતાં મોટું રેકેટ સામે આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.



## ધી વિજયનગર તાલુકા પ્રાયમરી ટીચર્સ કો.ઓ.ક્રેડીટ સો.લી.ના ચેરમેન પદે નિમણુંક

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ધી વિજયનગર તાલુકા પ્રાયમરી ટીચર્સ



કો.ઓ.ક્રેડીટ સો.લી.ના ચેરમેન પદે પોપટલાલ આર.ગામેતી (કણાદરવાળા) (રાજપુર પ્રાથમિક શાળા) નિમણુંક કરાતા આનંદની લાગણી પ્રસરી છે. ધી વિજયનગર તાલુકા પ્રાયમરી ટીચર્સ કો.ઓ. ક્રેડીટ સો.લી.ના હોદ્દેદારો, કારોબારી સભ્યો, શિક્ષકો, સગાં-સબંધીઓ અને શુભેચ્છકોએ બિરદાવ્યા હતા.

## ભુતાવડ ગામમાં માસ્કનું વિતરણ

કોરોના વાઈરસની મહામારી ગ્રામ્ય વિસ્તારોમાં વધતા સલામતીના ભાગરૂપે માસ્કનું વિતરણ કરાયું હતું. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભુતાવડ ગામમાં માસ્કનું વિતરણ કરાયું હતું. અરવલ્લી જીલ્લા ભાજપ આદિજાતિ મોરચા પ્રમુખ અમરતભાઈ બરંડા, વેજપુર ગ્રૂપ ગ્રામ પંચાયત, પુર્વ સરપંચ ઉષાબેન બરંડા, અમરતભાઈ નિનામા, રસિકભાઈ લખવારા, ચેતનસિંહ કચ્છવાહ સહિત સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના ઐતિહાસિક ભાખરીયા તળાવમાં પાણી ભરવા લોક માંગ

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ઐતિહાસિક ભાખરીયા તળાવમાં પાણી ભરવામાં આવે તેવી ખેડૂતો સહિત નગરજનોની માંગ ઉઠવા પામી છે ત્યારે બીજી તરફ ખુદ પાલિકા જ પ્રાંતિજના આ ઐતિહાસિક તળાવને ગંદકચરામા ફેરવી દેતા અડધું તળાવમાં ગંદકચરાના ઢગથી ઉભરાય છે તો રાજ પરીવારના વંસજો પણ હાલ તો તળાવની દૂરદશાને જોઈને દુખ વ્યક્ત કરી રહ્યા છે.

પ્રાંતિજ ખાતે આવેલ ઐતિહાસિક ભાખરીયા તળાવમાં પાણી ભરવા ખેડૂતો તથા નગરજનો દ્વારા માંગ ઉઠવા પામી છે. પ્રાંતિજના આ ઐતિહાસિક તળાવની સાથે પ્રાંતિજના ઐતિહાસિક ઉપર નજર કરીએ તો પ્રાંતિજની રાજધાનીની સ્થાપના સંવત-૧૫૧૫માં ભાખરજી રાવના નામના રાજા દ્વારા કરવામાં આવી હતી અને સંવત ૧૫૩૨માં રાવ ભાખરજીએ પ્રાંતિજમા એક તળાવ ખોલાવ્યું હતું અને તે તળાવનું નામ પણ ભાખરજીના નામ ઉપરથી ભાખરીયા તળાવ તરીકે પ્રખ્યાત છે અને આ આજે પણ મોજુદ છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકાને આ ઐતિહાસિક તળાવ જાણે ગમતુ ના હોય તેમ પાણી ભરાવવાને બદલે હાલ તો આખા ગામનો ગંદકચરો અહીં



ઠાલવવામાં આવે છે અને ગંદકચરો ઠલવી-ઠલવીને અડધુ તળાવ ગંદકચરાથી ઉભરાયુ છે ત્યારે બીજી બાજુ આજુબાજુ આવેલા ખેડૂતો તથા નગરજનો દ્વારા આ ખાલી તળાવની દૂરદશા જોઈને તળાવ ભરવા માટે માંગ કરી રહ્યા છે. બીજી તરફ ખુદ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આ ઐતિહાસિક તળાવની જાળવણી શોભા ડેવલોપમેન્ટ કરવાને બદલે હાલતો તળાવમાં આખા ગામનો ગંદકચરો ઠાલવીને તળાવમાં ગંદકચરાના ઢગ કરતા દિવસેને દિવસે તળાવ લુપ્ત થતું જોવા મળે છે.

ભાખરીયા તળાવની દૂરદશા જોઈને ભાખરજીના વંસજો પણ હાલ તો દુખ વ્યક્ત કરી રહ્યા છે ત્યારે બીજીબાજુ આ ઐતિહાસિક તળાવમાં પાણી ભરવામા આવે તેવી તળાવના આજુબાજુ આવેલા ખેડૂતો તથા નગરજનો તળાવ પ્રેમીઓની હાલ તો માગ કરી રહ્યા છે. ત્યારે નગરપાલિકાના મુખ્ય અધિકારી આકાશભાઈ પટેલને પ્રાંતિજના આ ઐતિહાસિક તળાવમાં કે તળાવમાં પાણી ભરાય તે બાબતે જરાય રસ નથી. હાલ તો રોજનો હજારો ટન ગંદકચરો તવાળમાં ઠાલવીને ઐતિહાસિક તળાવને નકશામાંથી દુર કરવા માગતા હોય તેવું હાલ તો જણાઈ આવે છે ત્યારે ખેડૂતો નગરજનોની ભાખરીયા તળાવમાં પાણી ભરવાની માંગ પણ પૂર્ણ થશે કે કેમ એ તો હવે જોવું રહ્યું !

# બાયડ તાલુકાની દેરોલી પ્રાથમિક શાળામાં તસ્કરો ત્રાટક્યા

### શાળામાંથી ૧૩૦૦૦ ઉપરાંતની તસ્કરી કરી તસ્કરો પલાયન : તસ્કરોએ એક પછી એક શાળાઓને નિશાન બનાવતા પોલીસ સામે લોકો રોષે ભરાયા

બાયડ તાલુકામાં ચોરીઓના બનાવોમા સતત વધારો થઈ રહ્યો છે. બાયડમાં પણ અગાઉ અનેક સોસાયટીઓને તસ્કરોએ નિશાન બનાવી લાખો રૂપિયાની તસ્કરી કરી પલાયન થઈ ગયા હતા. ત્યારે તસ્કરો હજી પણ પોલીસ પકડથી દૂર છે. હજી તો બાયડમાં થયેલ ચોરીઓના ભેદ ઉકેલવામાં બાયડ પીએસઆઈ સતત નિષ્ફળ રહ્યા છે. ત્યારે સોમવાર રાત્રિના સુમારે બાયડ તાલુકાની દેરોલી પ્રાથમિક શાળામાં તસ્કરોએ હાથ સાફ કર્યા હતા. જેમાં શાળામાં રહેલ મોટર કિંમત ૧૦૦૦૦ તથા કેબલ વાયર ૩૦૦૦ મળી કુલ તેર હજાર ઉપરાંતની તસ્કરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. ચોરીઓના બનાવમાં સતત વધારો થતા નિષ્ફળ પોલીસની કામગીરી સામે લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો.